# જન્મદિને વધામણી



જયા રોબિન મેકવાન
મો. ૮૪૦૧૭ ૭૬૧૪૧



એમ ડી મોગલ
ઉપસચિવ, કાયદા વિભાગ
મો. ૯૯૭૮૦ ૭૯૦૭૯



દિપાબેન બાલુજી ઠાકોર
મો. ૯૯૭૪૭ ૩૮૨૩૪












સૅક્ટર-૮ ખાતે સ્થિત સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલનો ૪૬મો વાર્ષિકોત્સવ ગાંધીનગર ટાઉનહૉલ ખાતે યોજવામાં આવ્યો હતો. 'ધ ટ્રુથ્સ ઑફ હ્યુમેનિટી' થીમ અંતર્ગત આયોજિત આ વાર્ષિકોત્સવ અંતર્ગત વિદ્યાર્થીઓએ માનવતાનો સંદેશ આપતી કૃતિઓ અસરકારક અંદાજમાં રજૂ કરી હતી અને ઉપસ્થિત અતિથિઓ તથા વાલીઓનાં દિલ જીતી લીધાં હતાં. નાનાં ભૂલકાઓથી માંડીને હાઈસ્કૂલ કક્ષા સુધીના વિદ્યાર્થીઓએ આ વાર્ષિકોત્સવ અંતર્ગત પોતાના કલા કૌશલનાં દર્શન કરાવ્યાં હતાં. **(તસવીર : કશ્યપ નિમાવત)**

# ગુજરાત લૉ યુનિવર્સિટી ખાતે સાતમો પદવીદાન સમારોહ







ગુજરાત નૅશનલ લૉ યુનિવર્સિટી ખાતે સાતમા પદવીદાન સમારોહનું શનિવારે આયોજન કરવામાં આવ્યું હતું. સુપ્રિમ કૉર્ટના સિનિયર ઍડવોકેટ કે કે વેણુગોપાલ, જજ જસ્ટીસ અભય સપ્રે, ગુજરાત હાઈકૉર્ટના ચીફ જસ્ટીસ આર સુભાષ રેડ્ડી આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. ન્યાયશાસ્ત્ર, ક્ષેત્ર સાથે સંકળાયેલા મહાનુભાવો આ પ્રસંગે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ સમારોહ અંતર્ગત ૩ વિદ્યાર્થીઓને પીઍચડી, ૩૭ વિદ્યાર્થીઓને ઍલઍલઍમ અને ૧૫૭ વિદ્યાર્થીઓને ઍલઍલબીની ડિગ્રી એનાયત કરવામાં આવી હતી. **(તસવીર : કશ્યપ નિમાવત)**

# વસંતોત્સવમાં સાંસ્કૃતિક મંત્રી નવરંગી નૃત્યોથી પ્રભાવિત થયા



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૨૮

રાજયના રમતગમત યુવા અને સાંસ્કૃતિક મંત્રી શ્રી નાનુભાઈ વાનાણી ઋતુઓના રાજા વસંતોત્સવમાં સંસ્કૃતિ, કલા અને પ્રકૃતિને માણવા ઉપસ્થિત રહ્યા હતા.

ઉત્સવ અંતર્ગત યોજાયેલ વિવિધ રાજયોના સાંસ્કૃતિક કાર્યક્રમમાં ખાસ કરીને મહારાષ્ટ્રનું લાવણી, મણિપુરનું પાંગતા સ્ટિક યુંગ ચોલમ, પંજાબનું ભાંગડા, રાજસ્થાનનું મયુરી, ઓરિસ્સાનું ગોટીપુઆ તથા પ્રાચીન-અર્વાચીન અને રાસ તથા આદિજાતિ નૃત્યો રસભર માણ્યા હતા. મોટી સંખ્યામાં ઉપસ્થિત દર્શકોએ આ કાર્યક્રમને માણી સાચી સંસ્કૃતિના વાહકોને સલામ કરી હતી.

આ ઉપરાંત રાજયમાં લુપ્ત થતી ભવાઈ અને રંગલો રંગલી તથા આકર્ષક વેશભુષામાં સમગ્ર પરિસરમાં ફરતા કલાકારોને જોઈને લોકોના મન મોહાતા હતા. સાચા અર્થમાં વસંતોત્સવ કાર્યક્રમ નવરંગી ચંદરવો અને રાષ્ટ્રીય લોકકળાની સંસ્કૃતિના આદાન-પ્રદાનનો અવસર બની રહ્યો છે.

## ખેલ મહાકુંભમાં જ્વલંત વિજય

ગાંધીનગર, તા. ૨૮

સંત આસારામ ગુરુકુળના અરૂણ મહેશકુમાર રાજપૂત નામના વિદ્યાર્થીએ કુસ્તીની સ્પર્ધામાં અન્ડર-૧૬ વિભાગમાં ૮૫ કિગ્રા વજન જૂથમાં રાજ્યકક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી ગોલ્ડ મૅડલ અને રૂપિયા ૧૦ હજારનું ઈનામ પ્રાપ્ત કર્યું છે.

ઉલ્લેખનીય છે કે શાળા કક્ષાએ હૅન્ડબૉલ, બિચવૉલીબૉલ, વૉલીબૉલ, કુસ્તી, યોગાસન, કૅરમ, ચૅસ, ઍથ્લેટીક્સ જેવી રમતોમાં રાજ્યકક્ષાએ કુલ ૪૫ ખેલાડીઓએ ભાગ લીધો હતો, જે પૈકી નારાયણ વાગ્લેએ કૅરમ અને અરૂણ રાજપૂતે કુસ્તીમાં રાજ્યકક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી રાષ્ટ્ર કક્ષાએ પણ સુંદર રમતનું પ્રદર્શન કર્યું હતું.





(તસવીર : દિપક જાની)

વસંતોત્સવ - ગાંધીનગરના પાદરે સંસ્કૃતિકુંજ ખાતે ચાલી રહેલા વસંતોત્સવમાં શનિવાર અને રવિવારની સાંજે ભારે ભીડ ઉમટી પડી હતી... મોટી સંખ્યામાં નાગરિકો વિવિધ રાજ્યોના લોકનૃત્યો નિહાળી મંત્રમુગ્ધ થયા હતા... વસંતોત્સવમાં દરરોજ વિવિધ રાજ્યોના અલગ અલગ નૃત્યો રજૂ કરવામાં આવે છે... રાજસ્થાની નૃત્ય, આદિવાસી નૃત્ય, બિહુ, કાલબેલીયા જેવા વિવિધ નૃત્યો ખાસ રજૂ કરવામાં આવે છે... દરે વર્ષે યોજાતા વસંતોત્સવમાં વિવિધતા જોવા મળતી હોય છે... બપોરથી જ નાગરિકો સંસ્કૃતિકુંજમાં વિવિધ રાજ્યોના લાગેલા સ્ટોલ્સમાં હેન્ડીક્રાફ્ટની વિવિધ વસ્તુઓની ખરીદી કરતા પણ જોવા મળ્યા હતા.....

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.**

**- સંપાદક**

# રાજકારણને નહીં પણ આધ્યાત્મિક ધારાને વરેલા પુરૂષ : મોરારજીભાઈ દેસાઈ

અયાચક, સ્વભાવે સાફ બોલનારા, કંઈક અંશે ઉગ્ર સ્વભાવના, સ્વતંત્ર મિજાજના અને પોતાના આત્માભિમાન સાથે જ કામ કરનારા અનાવિલ બ્રાહ્મણ કુટુંબમાં મોરારજીભાઈ દેસાઈનો જન્મ વલસાડથી ત્રણ માઈલ દુર ભદેલી ગામે મોસાળમાં ૧૮૯૬ના રોજ વજિયાબહેનની કૂખે થયેલ. જેમની જન્મ જયંતી દર ચાર વર્ષે આવે છે. ભારતના વડાપ્રધાન પદ સુધી પહોંચેલા મોરારજીભાઈના પિતા રણછોડજી ભાવનગર રાજયમાં અંગ્રેજી માધ્યમિક શાળાના હેડમાસ્તર હતા તેથી તેમનું બાળપણ ભાવનગર અને કુંડલામાં વીત્યું હતું. ત્રણ ,ચાર અને પાંચ ધોરણ સુધી અહીં જ અભ્યાસ કર્યા બાદ ભદેલી આવ્યા. મેટ્રિક સુધી અભ્યાસ કરવા રોજ ત્રણ માઈલ ચાલતા જવાનું. રસ્તામાં ઔરંગા નદીમાં ભરતી હોય તો હોડીમાં જવું પડે. અભ્યાસ ઉપરાંત ખેતી, ગાય, ભેંસ, બળદ વિગેરેનું પણ કામ કરવાનું. જેથી એમનું શરીર કસાયેલું. વિલ્સન કૉલેજ, મુંબઈમાં સ્નાતક ની પરીક્ષા ઉતીર્ણ કરી હતી. ૧૯૧૧માં ગજરાબેન સાથે લગ્ન થયાં. તેમનું વ્યક્તિગત જીવન અત્યંત સંયમી અને ત્યાગી હતું. ચુસ્ત સિદ્ધાંતવાદી, એવા મોરારજીભાઈ નાનપણથી જ ચાનો ત્યાગ, ભરયુવાનીમાં જ્ઞાતિવાદ અને જનોઈનો ત્યાગ, ૩૩ વર્ષની વયે શુદ્ધ અને સંયમી બ્રહ્મચારી જીવન અને ૧૯૭૫માં કટોકટી વખતે જેલમાં રાંધેલા અનાજનો સંપૂર્ણ ત્યાગ કર્યો હતો. આધ્યાત્મિક જીવન જીવતા તેમણે ૧૯૨૫થી ગીતાવાચન શરુ કરેલ તે લગભગ ૭૦વર્ષ ચાલ્યું. ગીતાજીના તેઓ ઉંડા અભ્યાસી અને તેમાં તેમને શ્રદ્ધા હતી. સમગ્ર ગીતા કંઠસ્થ હતી. તેમણે નોંધ્યુ છે કે, " ગીતાના અધ્યયનમાંથી કે તેને જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરવાથી મારી માન્યતા વધારે પાકી થઈ છે અને તેથી જીવન વધારે સમૃધ્ધ અને સહજ થતું જાય છે. એ માન્યતામાંથી સર્વધર્મ સમભાવની મારી ભાવના પાકી થઈ છે."


મોરારજીભાઈ એક કુશળ અને પ્રમાણિક વહિવટદાર હતા. તેમણે ૧૯૧૮થી ૧૯૩૦ સુધી સરકારી હોદ્દા ઉપર ભરુચ, ગોધરા અને અમદાવાદમાં પ્રાંત અધિકારી, ડેપ્યુટી અને આસિસ્ટંટ કલેક્ટર તરીકે નોકરી કરી. મોરારજીભાઈ ગામડે ગામડે સરકારી કેમ્પ કરતા. પોતાનો બોજો કોઈના ઉપર નાખવો કે કોઈના ઘરે ભોજન કરવું એમને પસંદ નહોતું. એટલે પોતાનું સીધુ સામાન સાથે લઈ જતા. ભરુચના તલાટી. સર્કલ ઈંસ્પેક્ટર વગેરે આળસુ હતા. જેથી મોરારજીભાઈ દશ-પંદર માઈલનો પગપાળા પ્રવાસ રાખતા જેથી તલાટી, સર્કલને પણ સાથે ચાલવું પડતું ૧૯૩૦માં દાંડીકૂચ આવી ને એમણે સરકારી નોકરીમાંથી રાજીનામું આપી દીધું અને રાષ્ટ્રીય સંસ્થા કોંગ્રેસમાં જોડાયા. ૧૯૩૭માં પ્રાંતિક સ્વરાજ વખતે મુંબઈ રાજ્યના મહેસૂલ મંત્રી અને ત્યારબાદ મુખ્યમંત્રી અને આઝાદી પછી મુંબઈ રાજયના ગૃહમંત્રી અને પછી ૧૯૫૬થી કેન્દ્ર સરકારના વેપાર અને ઉદ્યોગ ખાતાના મંત્રી બન્યા. મંત્રીમંડળમાં વડાપ્રધાન જવાહરલાલ, મૌલાના આઝાદ, ગોવિંદ પંત પછી તેમનું સ્થાન ચોથું ગણાતું હતું. ત્યારબાદ નાણાપ્રધાન અને છેવટે ૧૯૭૭ થી ૧૯૭૯ એમ બે વર્ષ માટે ભારતના ચોથા વડાપ્રધાન રહ્યા. મરાઠીભાષી લોકોના બનેલા "મહારાષ્ટ્ર" રાજ્યની માગણી. બીજી બાજુ, ઈન્દૂલાલ યાજ્ઞિકની આગેવાની હેઠળની





સમિતિએ "ગુજરાત" રાજ્યની માગણી માટે ચળવળ શરૂ કરી. ગૃહમંત્રી અને મુત્સદી એવા મોરારજી દેસાઈ આ બંને ચળવળના વિરોધી હતા. ફલોરા ફાઉન્ટેન પાસે સંયુક્ત મહારાષ્ટ્ર સમિતિ દ્વારા થઈ રહેલા વિરોધના કારણે ચળવળકારીઓ ને લીધે જાહેર મિલકત અને વ્યાવસાયિક ઓફિસોને થઈ રહેલા નુકસાનને અટકાવવા તેમણે પોલીસને ટોળા પર ગોળીબાર માટે મંજૂરી આપી હતી. ૧૦૫ તોફાનીઓ માર્યા ગયા હતા. મોરારજીભાઈ ત્રણ દિવસમાં પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ લઈ લેવામાં સફળ રહ્યા હતા. માર્યા ગયેલા ૧૦૫ લોકોની યાદમાં પાછળથી "હુતાત્મા ચોક"નામ આપવામાં આવ્યુ હતું.

તેઓ સાદાઈથી જીવતા હતા અને વડા પ્રધાન હોવા છતાં જાતે જ પોસ્ટ કાર્ડ લખતા. તેમના સમયમાં તેલ બે રૂપિયે અને વીસ પૈસામાં ખાંડ જેવી પ્રાથમિક જરૂરીયાતની વસ્તુઓ અત્યંત સસ્તા ભાવે લોકોને



મળતી થઈ હતી જેની આજે કલ્પના પણ ન કરી શકાય. જેથી આજે પણ લોકો મોરારજી દેસાઈ ને યાદ કરે છે. કટોકટી વખતે એટલે કે ૮૦ વર્ષની જૈફ ઉમરે ૧૯ માસની જેલયાત્રા હસતે મોઢે સંયમી અને આધ્યાત્મિક જીવન જીવીને પસાર કરી. મહાગુજરાત આંદોલન, કોમી હુલ્લડ, નવનિર્માણ અને વિધાનસભાની ચૂંટણી માટે એમણે ઉપવાસો કર્યા. મૂળે એ આધ્યાત્મિક જીવ હતા. સાથે સાથે બાપુના રચનાત્મક કાર્યક્રમો, કોમી એકતા, દારૂબંધી, ખાદી, નયી તાલીમ, માતૃભાષા- રાષ્ટ્રભાષાનો આગ્રહ, પ્રૌઢશિક્ષણ, કુદરતી ઉપચારના દ્રઢ આગ્રહી હતા. નિયમિતપણે સ્વમૂત્ર તેમજ ફળાહાર જેવા કુદરતી ઉપચાર વડે તંદુરસ્ત શરીર જાળવનાર તેઓ શિવામ્બુના પ્રયોગકર્તા અને પ્રચારક હતા. મોરારજીએ કહ્યું હતું કે સ્વમૂત્ર ચિકિત્સા એ આરોગ્ય સુવિધા ન પરવડી શકે એવા લાખો ભારતીયો માટે ઉત્તમ ચિકિત્સા છે.

પ્રવાસમાં પણ રેંટિયો સાથે રાખતા મોરારજીભાઈ કહેતા કે, ' ખાદી - ગ્રામોધોગ વિના આ દેશનો ગરીબી - બેકારીનો પ્રાણ પ્રશ્ન ઉકલી શકે તેમ નથી.' તેઓ નિયમિત કાંતણ કરતા. ગુજરાતમાં દારૂબંધીનો મોટા ભાગનો યશ મોરારજીભાઈને ફાળે જાય છે.

મહાત્મા ગાંધી દ્વારા સ્થાપવામાં આવેલ ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ પદે ૩૨ વર્ષ રહ્યા અને લગભગ ૨૫ વર્ષ સુધી વિદ્યાપીઠના પદવીદાન સમારંભમાં અઠવાડિયું ત્યાં રોકાતા અને વિવિધ વિભાગના કાર્યકરોને મળતા. તેઓ કહેતા કે: ' ...જે સુખ સાધનો આપણે મેળવવાના છે તે માણસાઈના વિકાસ માટે મેળવવાના છે. વિકાસ ધીમે ધીમે થાય તો વધુ ટકે છે... શિક્ષક હડતાલ પાડવાનું કહે છે, ત્યારે સંસ્કુતિ હડતાલ પાડે છે એમ હું માનું છું...શિક્ષકો એ લોકસેવકો છે.'

પારિવારિક ઘણી વ્યથાઓ છતાં નિરંતર ઈશ્વર - સ્મરણથી તેઓ સ્થિતપ્રજ્ઞ રહ્યા. અને તેથી જ તેઓ ૯૯ વર્ષ જેટલું લાંબુ આયુષ્ય ભોગવી ૧૦ એપ્રિલ ૧૯૯૫ના રોજ અવસાન પામ્યા. અમદાવાદમાં ગાંધી આશ્રમની બાજુમાં 'અભયઘાટ 'એ તેમની સમાધિ.

રાજકારણને નહીં પણ આધ્યાત્મિક ધારાને વરેલા મોરારજીભાઈ કહેતા કે જ્યારે આપણે બાપુ અને સરદાર ગુજરાતના હતા એમ દાવો કરીએ તો તેમને રસ્તે જવું જોઈશે. એકબીજાના પગ ન ખેંચતાં સંગઠનથી કામ કરીશું તો સારું થશે.

મોરારજી દેસાઈને ભારત અને પાકિસ્તાન વચ્ચે શાંતિ માટે ભારત દેશના સર્વોચ્ચ સન્માન "ભારત રત્ન"થી સન્માનિત કરવામાં આવ્યા.

# મારી મા હૃદયસ્થ છે

**સંવેદના**
**મારી મા**

મારી માએ મારાં લગ્ન પછી મારી વિદાય વખતે મને જે સંસ્કારનું ભાથું બાંધી આપ્યું તે આજ સુધી કામ લાગ્યું છે ને એના સંસ્કારને પ્રતાપે જ મારે મારાં સાસુ સાથે સાસુ-વહુ કરતાં મા-દીકરીનો સંબંધ વધુ રહ્યો છે.

મને કામની આળસ હતી, તેથી જમીને મારી તાળી સાફ કરવાની દલિલ કરું તો મને કહે, 'સાસરે જવાનું છે, ત્યાં કદાચ આ સુવિધા ના પણ હોય.' આ બધું લખતાં હૃદય ભરાઈ આવે છે એટલી મારી મા હૃદયસ્થ છે, જેને ક્યારેય ભૂલી શકાય નહીં. એ જન્મદાત્રીને શત શત વંદન !

**- ઈલા જી થાનકી**
**સેક્ટર-૭ એ**



એકવાર મારે બા સાથે બોલાવાનું થયું. રૂમનું બારણું બંધ કરીને હું અંદર પૂરાઈ ગયો. થોડીવાર તો કાંઈ ન થયું, પછી મારાં બાએ બારણું ખખડાવ્યું. પણ મેં બારણું ન ખોલ્યું. ફરી-ફરીવાર બારણું ખખડાવ્યું પણ નિંભરની જેમ મેં બારણું ન ખોલ્યું. પછી આડોશી-પાડોશીને બોલાવ્યા ને કહ્યું, 'મારો દીકરો બારણું નથી ખોલતો. જુઓને, એ શું કરે છે ?' હું આ સ્પષ્ટ રીતે સાંભળતો હતો પણ પાડોશીઓ, મિત્રોની શરમથી મેં બારણું ન ખોલ્યું. એક પાડોશીએ કહ્યું, 'બારણું ખોલ, નહિતર તોડી નાખીએ છીએ...' મેં બારણું ખોલ્યું તો ઘણાં લોકો ભેળા થઈ ગયાં હતાં. ઘણાએ મને આકરો ઠપકો પણ આપ્યો. પણ હું તો નિંભર, મેં તો કોઈને ગણકાર્યા નહીં. પણ મારાં બા તરફ જોયું તો તેઓ એક બાજુ બેઠાં-બેઠાં રડતાં હતાં. હું બધું જ પામી ગયો. મા-બાપ સાથે ઘણીવાર મતભેદ થતા પણ મનભેદ થતા નહિ. ઘરમાં ઝઘડા થતા પણ ક્યારેય મા-બાપની સાથે તોછડાઈભર્યું વર્તન કર્યું નથી.

**- મહેન્દ્રભાઈ રાઠોડ**
**સેક્ટર-૨ બી**

# વાચકોને આમંત્રણ

## 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

માર્ચ માસનો વિષય છે :

## 'મારા પપ્પા એટલે મારા પપ્પા'

વાચક ઈચ્છે તો પોતાનો અને પોતાના પિતાનો ફોટો લખાણ સાથે મોકલાવી શકે છે